જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૨/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૯	૦	૧૧૭૩૯	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૨૧૫૨	૧૩૭	૮૨૨૮૯	૮૩૧૬૯	૧૩૦	૮૩૨૯૯
કુલ		૯૮૭૫૩	૧૩૭	૯૮૮૯૦	૧૦૭૭૦૨	૧૩૦	૧૦૭૮૩૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૮	૫,૨૫,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૭૯	૭,૭૯,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનઃ

પાસા અટકાયતના આરોપીને પકડી જીલ્લા જેલ ભરૂચ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઇ" ડીવીઝન સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચનાં આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો ઇ.પોલીસ ઇન્સ્પેક્ટર પી.ડી.સોલંકી ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી (ઇસમ) "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કુત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં-પીસીબી/ડીટીએન/૧૦૯/૨૦૨૨ તા.૦૪/૦૨/૨૦૨૨ થી પાસા અટકાયતી અકરમ ઉર્ફે અક્કુબાબા સ/ઓ ગુલામમયુદ્દીન ગુલામહુસેન શેખ ઉં.વ.૨૧ રહેવાસી મ.નં.૪૬૨૭/૨ ખાટકીવાડ ઇપ્પુ પાર્લરની સામે મહાજનનો વંડો જમાલપુર અમદાવાદ શહેર નાઓને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્કવોડના પો.સબ ઇન્સ. એમ.એન.આદરેજીયા તથા સ્ટાફના માણસો નાઓ બાતમી હકિકત આધારે પકડી પાડતા સદરી ઇસમને તા.૦૪/૦૨/૨૦૨૨ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં જીલ્લા જેલ ભરૂચ ખાતે મોકલી આપેલ છે. તા.૦૪/૦૨/૨૦૨૨.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૬૭ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૨૩૯/૨૦૨૨**

ખાડીયાઃ જીગરભાઇ મંગળદાસ શાહ (ઉ.વ.૩૬) (રહે. સિધ્ધ શીલા એપાર્ટમેન્ટ વાસણા બેરેજ રોડ) એ તા.૦૪/૦૨/૨૦૨૨ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જીગરભાઈ શાહ માણેકચોક હવેલી ચેમ્બર્સ પાસે જીનેશ્વર જ્વેલર્સ નામની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૦૯/૦૧/૨૦૨૨ થી તા.૨૨/૦૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન જીગરભાઈ શાહની દુકાને કામ કરતા બહેનને ફોન કરી મોબાઇલ નંબર (૧) ૯૩૨૭૪૮૭૯૮૩ (૨) ૯૫૮૭૭૫૮૩૫૩ (૩) ૮૧૪૧૦૦૫૪૮૮ અને (૪) ૮૮૨૮૭૪૯૮૩૨ ના ધારકો એ હૈદરાબાદથી આર.બી.ગોલ્ડ નામની પેઢીમાંથી ભરત જૈન નામ જણાવી તેમજ ચેન્નાઈ થી કે.આર.ગોલ્ડ નામની પેઢીમાંથી રાહુલ નામ જણાવી વોટ્સએપ મેસેજ તથા વોટ્સએપ કોલ કરી વિશ્વાસમાં લઈ દાગીના ખરીદ કરવાનુ જણાવી અમદાવાદ નવરંગપુરા કોમર્સ રોડ સ્વસ્તિક ચાર રસ્તા લિબર્ટી કોમ્પલેક્ષ ખાતે વિનુ કાંતી નામની આંગડીયા પેઢીમાં દાગીનાના બદલામાં ફાઇન ગોલ્ડ તેમજ નાણા આપવાની વાત કરી બે પુરૂષ અલગ-અલગ સમયે જીગરભાઈ શાહની દુકાને આવી ત્યાં કામ કરતા બહેન પાસેથી સોનાના અલગ-અલગ ડીઝાઇનના ૮૫૭.૩૮૦ ગ્રામ વજનના દાગીના કિમત રૂપિયા ૪૦,૮૭,૫૦૦/- લઇ જઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.દેસાઇ ચલાવે છે.

નરોડાઃ ચંદ્રેશભાઇ રમેશભાઇ બારોટ (રહે. વૃંદાવન બંગ્લોઝ શેલ પેટ્રોલપંપ સામે ઝાયડસ હોસ્પિટલ રોડ થલતેજ) એ તા.૦૪/૦૨/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નરોડા રીંગ રોડ કાહન્વી હોટલ પાસે કુલદેવી પેટ્રોલીયમ નામના પેટ્રોલપંપ ઉપર સુપરવાઇઝર તરીકે નોકરી કરતા આરોપી રાજેશભાઇ શંકરલાલ પટેલ (રહે.નરોડા સ્માર્ટ સિટી દહેગામ રોડ હંસપુરા નરોડા) તા.૧૪/૧૨/૨૦૨૧ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે પેટ્રોલપંપ ખાતેથી રૂપિયા ૧,૯૬,૫૦૦/- લઇ જઇ હિસાબ નહી આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૪૦/૨૦૨૨**

ચાંદખેડાઃ કિરણેન્દ્ર કલ્યાણભાઈ આર્યા (રહે. ન્યુ સત્યમ સોસાયટી રાધાસ્વામી રોડ રાણીપ) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા અશોક વિહાર સર્કલ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને સોનાની વિંટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- તેમજ પાસપોર્ટ હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

માધવપુરાઃ સંજય રાજેન્દ્રકુમાર શેઠીયા (રહે. હીરાપન્ના એપાર્ટમેન્ટ હનુમાન મંદીર પાસે નહેરુપાર્ક વસ્ત્રાપુર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૨ સાંજના ૬/૪૫ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન માધવપુરા ચોકઠા ખાતે પાર્ક કરેલ પોતાના એકટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૮૨,૨૨૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

પાલડીઃ અશોકભાઈ કાંતીલાલ મોદી (રહે.સરસ્વતી સદન અંબિકાચોક પાસે પાલડી ગામ) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પાલડી ગામ અંબિકા ચોક પાસે “સરસ્વતી સદન” નામની પોતાની જનરલ સ્ટોરની દુકાનને ચુંદડી લેવાના બહાને એક એકટીવા ઉપર આવેલ બે સ્ત્રીઓ અશોકભાઈ મોદીની નજર ચુકવી દુકાનમા મંદીરના ખાનામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.